# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 30-03-2024 Morning : 7.45 to 7.55

Day : Saturday National News

**આકાશવાણી સમાચાર SANSKRUTI BHUNDIYA વાંચે છે.**

************************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનમાં ભારત રત્ન પુરસ્કાર એનાયત કરશે.
- લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો આજે અંતિમ દિવસ છે.
- વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે યુક્રેનિયન વિદેશ મંત્રી સાથે દ્વિપીક્ષય બેઠક યોજી - રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલ સંઘર્ષ અને તેના વ્યાપક પરિણામો અંગે ચર્ચા કરી હતી.
- આવકવેરા વિભાગે કોગ્રેસ પક્ષને 1 હજાર 823 કરોડ રૂપિયાથી વધુ રકમ ચૂકવવાની નવી નોટીસ પાઠવી છે.
- ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ હમાસ સાથે યુદ્ધવિરામની વાતચીતને મંજૂરી આપી છે.
- IPL ક્રિકેટમાં, કોલકાતા નાઈટ રાઈડર્સે ગઈકાલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને સાત વિકેટે હરાવીને વિજય મેળવ્યો છે.

************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# BHARAT RATN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનમાં ભારત રત્ન પુરસ્કાર એનાયત કરશે.

આ વર્ષે, આ સન્માન ભૂતપૂર્વ પ્રધાન મંત્રી ચૌધરી ચરણ સિંહ અને શ્રી પીવી નરસિમ્હા રાવ, બિહારના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન કર્પુરી ઠાકુર અને જાણીતા વૈજ્ઞાનિક ડૉ. એમ.એસ. સ્વામીનાથનને મરણોત્તર સન્માન આપવામાં આવી રહ્યું છે.

ભૂતપૂર્વ નાયબ પ્રધાન મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને પણ દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન એનાયત કરશે.

# 1ST AND 2ND-PHASE-NOTIFICATION

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી ચુંટણીની 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો આજે છેલ્લો દિવસ છે. આજે સાંજ સુધીમાં 102 બેઠકો પર કેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે તે ચિત્ર સ્પષ્ટ થશે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

દરમિયાન, લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 88 બેઠકો માટેનું જાહેરનામું ગઇકાલે બહાર પડ્યું હતું. બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 88 બેઠકો માટે મતદાન થશે જેમાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને

મહારાષ્ટ્રની 8-8, મધ્યપ્રદેશની 7, બિહાર અને આસામની 5, બંગાળ અને છત્તીસગઢની 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા તેમજ જમ્મુ અને કાશ્મીરની દરેકની એક-એક બેઠકોની ચૂંટણી યોજાશે.

આ 88 બેઠકો માટે આગામી ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પાંચમીએ તેમની ચકાસણી થશે. જો કે, જમ્મુ- કાશ્મીરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી આગામી છઠ્ઠી એપ્રિલે થશે.

# BIHAR SCRUTINY

બિહારમાં લોકસભાની ગયા, નવાડા, જમુઇ અને ઔરંગાબાદ આ ચાર બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રોની આજે ચકાસણી કરાશે. આગામી 19મી એપ્રિલે આ ચાર બેઠકોની યોજાનારી ચૂંટણી માટે અત્યાર સુધીમાં 72 ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા છે. સૌથી વધુ 22 ઉમેદવારીપત્રો લોકસભાની ગયા બેઠક પર ભરાયા છે.

જો કે, ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ બીજી એપ્રિલ હોવાથી આ ચાર બેઠકો માટે કેટલા ઉમેદવારો ચૂંટણી જંગમાં રહેશે એ બાબત બીજી એપ્રિલે સ્પષ્ટ થશે.

દરમિયાન, મધ્યપ્રદેશમાં લોકસભાની પહેલા તબક્કામાં 19મી એપ્રિલે યોજાનારી છ બેઠકોની ચૂંટણી માટે ભરાયેલા 107 ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા છે.. જ્યારે છ ઉમેદવારોના ઉમેદવારી પત્રો નામંજૂર થયા છે. જો કે, ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે. મધ્યપ્રદેશની લોકસભાની સીધી, શહડોલ, જબલપુર, મંડલા, બાલાઘાટ અને છિંદવાડા બેઠકો માટે માં 19મી એપ્રિલે મતદાન થશે. 4 જૂને મતગણતરી હાથ ધરાશે.

# FUR. REV. BIHAR GRAND ALLIANCE

બિહારમાં કોંગ્રેસ, આરજેડી અને ડાબેરી પક્ષોના બનેલા ગ્રેન્ડ અલાયન્સ એટલે કે મહામોરચાએ બિહારની લોકસભાની 40 બેઠકોની વહેંચણી અંગે સમજૂતી સાધી છે. આ સમજૂતી મુજબ, લાલુપ્રસાદ યાદવના વડપણ હેઠળનો આરજેડી પક્ષ 26, કોંગ્રેસ 9 બેઠકો ઉપર જ્યારે ડાબેરી પક્ષો પાંચ બેઠકો ઉપર ચૂંટણી લડશે.

કેટલીક બેઠકોના અપવાદને બાદ કરતાં કોંગ્રેસ અને આરજેડી વર્ષ 2019માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં જે બેઠકો ઉપરથી ચૂંટણી લડ્યા હતા, એ જ બેઠકો ઉપર તેઓ આ વખતે પણ પોતાના ઉમેદવારો ઉભા રાખશે. ગ્રેન્ડ અલાયન્સના અગ્રણીઓએ બેઠક બાદ પત્રકાર પરિષદમાં આ માહિતી આપી હતી.

દરમિયાન, અસદુદ્દીન ઓવૈસીના વડપણ હેઠળના AIMIM પક્ષે બિહારની લોકસભાની 16 બેઠકો પર ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. પ્રદેશ AIMIM ના અધ્યક્ષ **અખ્તરુલ ઇમાને આ માહિતી આપી હતી.**

# CONGRESS LIST

કોંગ્રેસે ગઇકાલે આગામી લોકસભા ચૂંટણી માટે પાંચ ઉમેદવારોની બીજી યાદી બહાર પાડી છે. પાર્ટીએ રાજસ્થાનના ભીલવાડાથી સી.પી. જોશીને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે દામોદર ગુર્જર રાજસમંદ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડશે.

# JAISHANKAR UKRAINE FM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને તેમના યુક્રેનિયન સમકક્ષ દિમિત્રો કુલેબાએ ગઇકાલે નવી દિલ્હીમાં એક બેઠકમાં રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલ સંઘર્ષ અને તેના વ્યાપક પરિણામો અંગે ચર્ચા કરી હતી.

ડૉ. જયશંકરે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, તેમણે પરસ્પર હિતના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ વિશે વાત કરી હતી. તેમણે દ્વિપક્ષીય સહયોગ સહિત સમગ્ર સંબંધોને મજબૂત કરવા માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. ડૉ.જયશંકરે કહ્યું કે યુક્રેનના વિદેશ મંત્રીની મુલાકાતે યુક્રેનની સ્થિતિને સમજવાની તક પૂરી પાડી છે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે બંને મંત્રીઓ વચ્ચેની બેઠકમાં રચનાત્મક સંવાદને પ્રોત્સાહન આપવા અને બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેમાં વેપાર અને રોકાણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, સંરક્ષણ, કૃષિ, આરોગ્ય, સંસ્કૃતિ અને શિક્ષણનો સમાવેશ થાય છે.

બંને પક્ષો આ વર્ષના અંતમાં 7મી આંતરસરકારી સમિતિ (IGC) બેઠક બોલાવવા તરફ કામ કરવા સંમત થયા હતા.

## PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, એઆઈ ટેક્નોલોજી અંગે યોગ્ય તાલીમ આપવાના મહત્વ પર ભાર મૂક્યો છે.

શ્રી બિલ ગેટ્સ સાથે વાતચીત કરતા, શ્રી મોદીએ કહ્યું,કે એઆઈખુબજ ઉપયોગી ટેક્નોલોજી છે પરંતુ યોગ્ય તાલીમ વિના આ ટેક્નોલોજીનો દુરૂપયોગ થવાની સંભાવના છે. શ્રી મોદીએ કહ્યું, ભારત જેવા લોકશાહી દેશમાં, કોઈપણ ડીપ ફેકનો ઉપયોગ કરી શકે છે. તેમણે સ્પષ્ટ માર્ગદર્શિકા સ્થાપિત કરવા અને ડીપફેક રચનાઓથી અધિકૃત સામગ્રીને અલગ કરવા માટે પણ આહ્વાન કર્યું.

શ્રી બિલ ગેટ્સે એઆઈ ઈનોવેશનમાં ભારતની મહત્વની ભૂમિકા અંગે વાત કરતાં ભારતની તકનીકી પ્રગતિની પ્રશંસા કરી હતી.

## INCOME TAX - CONGRESS

કોંગ્રેસે દાવો કર્યો છે કે આવકવેરા વિભાગે પાર્ટીને 1 હજાર 823 કરોડ રૂપિયાથી વધુ ચૂકવવા માટે નવી નોટિસ આપી છે.

પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, આવકવેરા વિભાગે કોંગ્રેસ પાર્ટીના ખાતામાંથી 135 કરોડ રૂપિયા ઉપાડી લીધા છે જે પાર્ટીને દાન સ્વરૂપે મળ્યા હતા. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, તેણે આરોપ લગાવ્યો કે મુખ્ય વિપક્ષી પાર્ટીને હેરાન કરવા માટે આવકવેરા વિભાગનો હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

બીજી તરફ ભારતીય જનતા પાર્ટીએ કહ્યું છે કે આવકવેરા વિભાગ સામેના આરોપો કોંગ્રેસની હતાશા દર્શાવે છે. પાર્ટીના પ્રવક્તા સૈયદ ઝફર ઈસ્લામે ગઇકાલે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે કોંગ્રેસ ટેક્સ ચૂકવવા અથવા અપીલ કરવા માટેની યોગ્ય પ્રક્રિયાને અનુસરવામાં નિષ્ફળ રહી છે. તેથી,

આવકવેરા કમિશનરથી માંડીને આવકવેરા એપેલેટ ટ્રિબ્યુનલ અને દિલ્હી હાઈકોર્ટ સુધીના સત્તાવાળાઓએ પણ આવકવેરા વિભાગની કાર્યવાહીને સમર્થન આપ્યું છે. ભાજપના પ્રવક્તાએ કહ્યું કે કોઈપણ રજિસ્ટર્ડ રાજકીય પક્ષ માટે આવકવેરા રિટર્ન ફાઈલ કરવું ફરજિયાત છે. કોંગ્રેસે માત્ર રિટર્ન ભરવામાં જ વિલંબ કર્યો નથી પરંતુ તેની આવકનો પણ ખોટો અહેવાલ આપ્યો છે.

## ISRAELI PM-GAZA CEASEFIRTE

ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ હમાસ સાથે યુદ્ધવિરામની વાતચીતને ફરી મંજૂરી આપી છે. શ્રી નેતન્યાહુએ જણાવ્યું કે, તેમણે આગામી દિવસોમાં કતાર અને ઇજિપ્તમાં યુદ્ધવિરામ વાટાઘાટોમાં જોડાવા માટે ઇઝરાયેલના મુખ્ય વાટાઘાટોકાર અને અધિકૃત પ્રતિનિધિમંડળ સાથે વાત કરી છે.

શ્રી નેતન્યાહુની જાહેરાત હમાસ સાથેના સોદા સુધી પહોંચવાનો બીજો પ્રયાસ છે જે ઇઝરાયેલી બંધકોને મુક્ત કરવાના બદલામાં ગાઝામાં ઇઝરાયેલના લશ્કરી હુમલાને થોભાવશે. યુદ્ધ છ મહિનાના સમયગાળાની નજીક હોવાથી, અમેરિકા, કતાર અને ઇજિપ્ત અન્ય યુદ્ધવિરામ અને બંધકોને મુક્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ પહેલા ગયા વર્ષે નવેમ્બરમાં યુદ્ધવિરામના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

ગઈકાલે, ગાઝામાં ઈઝરાયલના જવાબી હુમલાને પગલે, આંતરરાષ્ટ્રીય ન્યાયાલય -(ICJ)એ જેરુસલેમમાં દુષ્કાળને ટાળવા માટે ગાઝાને સહાય

આપવાનો આદેશ આપ્યો હતો. ગાઝામાં અઠવાડિયામાં દુકાળ પડી શકે છે તેવી ચેતવણી વચ્ચે ICJ દ્વારા સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો હતો.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, હમાસ સંચાલિત એન્ક્લેવમાં ગાઝા પર થયેલા હુમલા બાદ ઓછામાં ઓછા 32 હજાર 623 પેલેસ્ટિનિયન માર્યા ગયા છે અને 75 હજાર 92 ઘાયલ થયા છે.

## CBI-ED

કેન્દ્રીય તપાસ સંસ્થા CBIએ આ વર્ષે 5મી જાન્યુઆરીએ EDની ટીમ પર થયેલા હુમલાના કેસમાં પશ્ચિમ બંગાળના ઉત્તર 24 પરગણા જિલ્લાના સંદેશખાલીના સરબેરિયા વિસ્તારમાં 13 લોકોને નોટિસ આપી છે.

આ કેસમાં તૃણમૂલ કોંગ્રેસના નેતા શેખ શાહજહાંની CBI દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

## IPL CRICKET

IPL ક્રિકેટમાં, કોલકાતા નાઈટ રાઈડર્સે ગઈકાલે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને સાત વિકેટે હરાવીને વિજય મેળવ્યો છે.

પ્રથમ બેટિંગ કરતા બેંગ્લોરે વિરાટ કોહલીના 59 બોલમાં 83 રનની મદદથી નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટે 182 રન બનાવ્યા હતા. જ્યારે

કોલકાતાએ વેંકટેશ અય્યરના 30 બોલમાં 50 રનની મદદથી માત્ર 16 ઓવર અને 5 બોલમાં ત્રણ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું.

આ સાથે કોલકાતા નાઈટ રાઈડર્સે આ સિઝનમાં અત્યાર સુધી રમાયેલી તમામ બે મેચ જીતી લીધી છે. જ્યારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે સિઝનમાં અત્યાર સુધી રમાયેલી ત્રણ મેચમાંથી માત્ર એક જ મેચ જીતી છે. પોઈન્ટ ટેબલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ ટોચના સ્થાને અને બેંગ્લોર છઠ્ઠા સ્થાને યથાવત છે.

# SOMALI PIRATES RESCUE

ભારતીય નૌકાદળે અરબી સમુદ્રમાં 23 પાકિસ્તાની નાગરિકોને સોમાલી ચાંચિયાઓથી બચાવ્યા છે .

12 કલાક સુધી ચાલેલા લાંબા ઓપરેશન દરમિયાન ભારતીય નૌકાદળે વ્યૂહાત્મક કુશળતા અને વ્યૂહાત્મક સંકલનનો ઉપયોગ કરીને, ચાંચિયાઓ સાથે વાટાઘાટો શરૂ કરી, શરણાગતિ સ્વીકારવા દબાણ કર્યું.

ઉલ્લેખનીય છે કે 28 માર્ચે ઈરાની જહાજ 'અલ કંબર 786'ના અપહરણની માહિતી મળતાં, દરિયાઈ સુરક્ષા કામગીરી માટે તૈનાત ભારતીય નૌકાદળના બે જહાજો - INS સુમેધા અને INS ત્રિશુલ – તેને બચાવ માટે મોકલવામાં આવ્યા હતા.